# SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR – 388 120 (GUJARAT) INDIA
NAAC Re-Accreditation CGPA 3.25 GRADE – 'A'
Website: www.spuvvn.edu Fax: (02692) 230309, 226804


**એકેડેમીક વિભાગ**

## પરીપત્ર

**બી.એડ્. અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયાનો અંતિમ ઓપન રાઉન્ડ નીચે મુજબ રહેશે.**

| | |
|---|---|
| ૨૦/૧૧/૨૦૨૧<br>થી<br>૨૯/૧૧/૨૦૨૧ | ૧. ઓપન રાઉન્ડ દરમ્યાન અગાઉના રાઉન્ડમાં પ્રવેશ ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તેવા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પોર્ટલ ઉપર **તા. ૨૦/૧૧/૨૦૨૧ બપોરે ૧૨.૦૦ કલાકથી તા. ૨૬/૧૧/૨૦૨૧ સાંજે ૫.૦૦ કલાક** સુધી ઓનલાઇન ફોર્મ ભરી શકશે.<br>૨. જે વિદ્યાર્થીઓને અગાઉના રાઉન્ડ દરમ્યાન પ્રવેશ મળેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ નવું ફોર્મ ભરવાની જરૂર રહેતી નથી.<br>૩. જે વિદ્યાર્થીઓને અગાઉ પ્રવેશ મળેલ છે અને તેઓ પોતાની કોલેજ બદલવા માંગે છે તેવા વિદ્યાર્થીઓએ અન્ય કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તે કોલેજના આચાર્યશ્રી પાસેથી ખાલી જગ્યાની માહિતી મેળવી હાલની કોલેજનો મેળવેલ પ્રવેશ રદ્દ કરવા અંગેની અરજી એકેડેમિક વિભાગમાં **તા. ૨૬/૧૧/૨૦૨૧ બપોરના ૧૨.૦૦ કલાક** સુધી આપવાની રહેશે. ત્યારબાદ વિદ્યાર્થીએ જે કોલેજમાં પ્રવેશ મેળવવો હોય ત્યાં પોતાનું પ્રવેશ ફોર્મ રજુ કરવાનું રહેશે.<br>૪. વિદ્યાર્થીએ ફોર્મની પ્રિન્ટ તથા તમામ દસ્તાવેજો સાથે જે કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તે કોલેજમાં Eligibilityની ચકાસણી કરાવવાની રહેશે. કોલેજમાં ખાલી જગ્યા હોય તેવા સંજોગોમાં કોલેજના આચાર્યશ્રી દ્વારા વિદ્યાર્થીના ફોર્મની ચકાસણી કરી વિદ્યાર્થીના પ્રવેશ ફોર્મ પર વિદ્યાર્થીને પ્રવેશ આપવા માટેની નોંધ કરી સહિ સિક્કા કરી, કોલેજ દ્વારા જે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવેલ તેનું લીસ્ટ તથા પ્રવેશ ફોર્મ સાથે એકેડેમીક વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે **તા. ૨૯/૧૧/૨૦૨૧ બપોરના ૧૨.૦૦ કલાક** સુધી જમા કરાવવાના રહેશે.<br>૫. યુનિવર્સિટીના તા.૨૭/૦૯/૨૦૨૧ પત્ર નં.ડી/બી/૨૧-૨૨/૩૨૬૦ મુજબ લેઇટ ફી સહિત રજીસ્ટ્રેશનની પ્રક્રિયા **તા.૨૯/૧૧/૨૦૨૧ સાંજના ૫:૦૦ કલાક** સુધી પૂર્ણ કરવાની રહેશે.<br>૬. **તા.૨૯/૧૧/૨૦૨૧, બપોરના ૧૨:૦૦ કલાક** બાદ કોઇપણ પ્રવેશફોર્મ સ્વીકારવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી. |

નોંધ : ૧. યુનિવર્સિટી દ્વારા કોઇ ઇંસ્ટીટ્યુટ/કોલેજનું જોડાણ રદ કરવામાં કે સ્થગિત કરવામાં આવશે તો તેવી કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે નહીં.

૨. કોલેજોની બેઠકોની સંખ્યા યુનિવર્સિટી દ્વારા ફેરફારને પાત્ર છે.

૩. પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન કોઈપણ તકરાર બાબતે માનનીય કુલપતિશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે અને સર્વેને બંધનકર્તા રહેશે.

નંબરઃ ડી/બી.એડ્./૨૦૨૧-૨૨/૪૩૦૩
તારીખઃ ૨૦/૧૧/૨૦૨૧
વલ્લભ વિદ્યાનગર

કાર્યકારી કુલસચિવ

નકલ રવાનાઃ

૧. આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કોલેજો તરફ.

૨. નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી તરફ યોગ્ય ઘટતી કાર્યવાહી કરવા જાણ સારૂ.

૩. વડાશ્રી, પરીક્ષા વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી તરફ યોગ્ય ઘટતી કાર્યવાહી કરવા જાણ સારૂ.